# સંશોધન નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી-૩૯૬ ૪૫૦

---

વંચાણે લીધા : અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : અપબ-૧૦૨૦૧૫-૨૫૭૯-ક, તા. ૦૩/૦૯/૨૦૧૫

:: <u>ખૂબ જ અગત્યનું</u> ::

**આયોજન હેઠળની ચાલુ યોજનાઓની સમીક્ષા કરવા બાબત...**

## પરિપત્ર

આથી આયોજીત યોજનાના સર્વે નિયંત્રણ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલા પરિપત્રના મુદ્દા નં. ૧૦ (ગ) માં સુચવ્યા અનુસાર, "ડૉ. પી.કે.દાસ સમિતિની જે ભલામણો વિભાગોએ સ્વીકારેલ છે તે પ્રમાણે આયોજન હેઠળ ચાલતી વિવિધ યોજનાઓ પૈકી જે તે યોજના બંધ કરવી અથવા એકબીજામાં ભેળવી દેવાની રહે છે." જેથી આવી યોજના માટે આગામી વર્ષના અંદાજપત્રમાંથી પડતી મુકવા માટે દરખાસ્ત કરવાની થાય છે.

જેથી આયોજન હેઠળની યોજનાઓ પૈકી આગામી વર્ષ ૨૦૧૬-૧૭ થી મર્જ/બંધ કરવા અંગે <u>શિક્ષણની યોજનાઓ માટે કુલસચિવશ્રી</u>, <u>વિસ્તરણ શિક્ષણની યોજના માટે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી</u> તથા <u>સંશોધનની યોજના માટે સહ સશોધન નિયામકશ્રી</u> ની કક્ષાએથી સમીક્ષા કરીને સબંધિત કાઉન્સીલ (એકેડેમીક કાઉન્સીલ/ વિસ્તરણ શિક્ષણ કાઉન્સીલ /સંશોધન કાઉન્સીલ) ની ભલામણ મેળવીને અત્રેની આયોજન શાખાને ૧ જુન ૨૦૧૬ સુધીમાં મોકલી આપવાની રહેશે. ત્યારબાદ યુનિવર્સિટીની પ્લાનીંગ એન્ડ ડેવલોપમેન્ટ કમિટિ, નાણાં સમિતિ અને નિયામક

મંડળની જરૂરી ભલામણ મેળવી આગામી નાણાંકીય વર્ષના અંદાજપત્ર ૨૦૧૬-૧૭ માં તેનો સમાવેશ કરી રાજય સરકારશ્રીને સમયમર્યાદામાં રજુ કરવાનું રહે છે. જેથી તમામ યોજનાના વડાશ્રીઓ તેમ જ સબંધિત વિભાગીય વડાશ્રીઓએ સમીક્ષાની અગત્યતા ધ્યાને રાખીને કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરવા આથી જણાવવામાં આવે છે.

જા.નં.નકૃયુ/સંનિ/આયોજન/સમીક્ષા/ ૧૨૭૪-૮૮ /૨૦૧૬
તા. ૧૮/૦૪/૨૦૧૬

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ**

<u>નકલ સવિનય રવાના :</u>

(૧) કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ આયોજન હેઠળની શિક્ષણની યોજનાઓની સમીક્ષા અંગેની કાર્યવાહી કરીને **<u>એકેડેમીક કાઉન્સીલની ભલામણ</u>** મેળવીને આગામી પ્લાનીંગ અને ડેવલોપમેન્ટ સમિતિની બહાલી અર્થે અત્રેની આયોજનશાખાને મોકલી આપવા સારૂં.

(૨) વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ આયોજન હેઠળની વિસ્તરણ શિક્ષણની યોજનાઓની સમીક્ષા અંગેની કાર્યવાહી કરીને **<u>વિસ્તરણ શિક્ષણ કાઉન્સીલની ભલામણ</u>** મેળવીને આગામી પ્લાનીંગ અને ડેવલોપમેન્ટ સમિતિની બહાલી અર્થે અત્રેની આયોજનશાખાને મોકલી આપવા સારૂં.

(૩) અત્રેની કચેરીની ટેક-૫ આયોજન શાખા તરફ સંશોધન હેઠળની યોજનાઓની સમીક્ષા અંગેની કાર્યવાહી કરીને **<u>સંશોધન કાઉન્સીલની ભલામણ</u>** મેળવીને આગામી પ્લાનીંગ અને ડેવલોપમેન્ટ સમિતિની બહાલી અર્થે અત્રેની આયોજનશાખાને મોકલી આપવા સારૂં.

(૪) આયોજીત યોજનાના સર્વે નિયંત્રણ અધિકારીશ્રીઓ તરફ આપના હસ્તકની પ્લાન યોજનાઓની સમીક્ષા અંગેની ઘટતી કાર્યવાહી યોગ્ય રાહે હાથ ધરવા સારૂં.

(૫) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂં.